# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

માસ્ટર ઑફ જૈનિઝમ્ પ્રથમ વર્ષ - ૧

જુન ૨૦23
પ્રથમ સત્ર
ગુણાંક ૫૦

## પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૨૫ ઓક્ટોબર સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના પાના નં. ૧ થી ૮૩ સુધીના બે અધ્યાયમાંથી લખવાનો છે.

**પ્રશ્ન -૧** ખાલી જગ્યા પુરો — ૨૫

૧. કેવલજ્ઞાન ની પ્રાપ્તિ...................... પછી અન્તર્મુહૂર્ત માં અવશ્ય થાય છે.
૨. સામાન્ય રુપ વડે સર્વ વસ્તુઓ ને પોતાનામાં સમાવે છે તે.................. નય છે.
૩. ...................... અગિયાર અંગ ના ધારક હતા.
૪. મોહના નશામાં રહેલા જીવને.................... ન સમજાય એ એની અજ્ઞાન દશા જ છે ને.
૫. નિરાકાર ઉપયોગ ને દર્શન અથવા.................. કહેવા માં આવે છે.
૬. અંતરકરણ ના અંતે જો સમ્યક્ત્વ મોહનીય ઉદય માં આવે તો .................સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.
૭. દેવેન્દ્રો અને લોકાન્તિક દેવો એ પ્રભુજી ના.................... ની પ્રશંસા કરી હતી.
૮. જન્મ થી પ્રાપ્ત થનાર એવું વૈક્રિય શરીર................... વ્દારાજ પ્રાપ્ત થાય છે.
૯. શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત એ.................. ના ભેદ છે.
૧૦. ...................... શરીરજ અપેક્ષા એ સંપૂર્ણ સંસારચક્ર નું મૂળ છે.
૧૧. સંયમા સંયમ એ.......................... ભાવ નો ભેદ છે.
૧૨. વ્દાદશાંગીના રચયિતા શ્રેષ્ઠ મતિજ્ઞાની કે શ્રુતજ્ઞાની શ્રી.................... છે.
૧૩. ................... વસ્તુને સર્વ-અનેક દૃષ્ટિ થી ગ્રહણ કરે છે.
૧૪. ................... પ્રાપ્તિ થતાજ જીવન વૈરાગ્ય મય બને છે.
૧૫. જે સ્થાનમાં પહોંચી ને સૂક્ષ્મ શરીર પ્રથમજ વાર સ્થૂલ શરીર ને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે તે સ્થાન.........કહેવાય છે.
૧૬. શબ્દ ના આધારે થતી અર્થની વિચારણા..................... છે.
૧૭. ચક્ષુ અને મન વ્દારા.....................અવગ્રહ થતો નથી.
૧૮. આત્માની અશુદ્ધ અવસ્થાનો સંપૂર્ણ નાશ થઈ સંપૂર્ણ શુદ્ધ અવસ્થાના પર્યાય નુ પ્રગટ થવું તે.................... છે.
૧૯. જીવાદિ તત્વરૂપ પદાર્થો ઉપર શ્રદ્ધા તે..................... છે.
૨૦. અતીત અથવા અનાગત અવસ્થાથી વસ્તુને વર્તમાન માં કહેવી તે.................. છે.
૨૧. વસ્તુના અનંત ધર્મમાંથી એકને ગ્રહણ કરી એ અને બીજા ધર્મો નો નિષેધ કરીએ તો તે .................. છે.
૨૨. વાયુકાય જીવોને................ નો ઉદય હોવા છતાં ત્રસના સરખી ગતિ એનાથી ત્રસ કહેવાય છે.
૨૩. જીવના આયુષ્ય ની સ્થિતિ લાંબી હોય છતાં ઉપક્રમ ના કારણે લાંબુ આયુષ્ય પણ અંતર્મુહુર્ત માં ભોગવાઈ જાય તે ...................... આયુષ્ય છે.
૨૪. ................... નો વિષય સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયો છે.
૨૫. બાહ્ય નિમિત્ત થી જીવ જીવાદિ નવતત્વ માં શ્રદ્ધા થાય તે...................... છે.

**પ્રશ્ન-૨** એક જ શબ્દમાં જવાબ આપો. — ૨૫

૧. ભવ્ય જીવ હોય છતાં સામગ્રી ના અભાવે મોક્ષમાં જઈ શકતા નથી તે કયા જીવ કહેવાય ?
૨. એક સમયે એક અંશ માત્ર નો વિચાર કરે છે તે કોણ ?
૩. કર્મના નાશથી ઉત્પન્ન થતા ભાવ એ આત્માની કઈ અવસ્થા છે ?
૪. આયુષ્ય ની સ્થિતિ ના હ્રાસ માટે ના નિમિત્ત ને શું કહેવાય છે ?
૫. જે વસ્તુ કે વ્યક્તિ ભાવ નિક્ષેપે ત્યાજ્ય હોય છે તે બીજા કેટલા નિક્ષેપે ત્યાજ્ય છે ?
૬. કર્મ અને કષાય નો અભાવ થાય એવો પુરૂષાર્થ કરવો તે શું છે ?
૭. અભયકુમાર ની બુદ્ધિ મતિજ્ઞાન નો કયો ભેદ છે ?

૮. જીવ ના કયા ભાવો ને કર્મના ક્ષય–ઉપશમ કે ક્ષયોપશમ સાથે સંબંધ નથી ?

૯. દેવો ને કેટલા વેદ હોય છે ?

૧૦. આત્માને પોતાની કઇ શક્તિ તરફ દૃષ્ટિ કેન્દ્રિત કરવા કહયું છે ?

૧૧. ત્રણે કામના પર્યાયો ને અલ્પ અથવા બહુ પ્રમાણ માં ગ્રહણ કરનાર કયું જ્ઞાન છે ?

૧૨. મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો ના અવધિજ્ઞાન ના કેટલા ભેદ જણાવ્યા છે ?

૧૩. અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવા તે કયો નિક્ષેપ છે ?

૧૪. પ્રાપ્ત થયેલી લબ્ધિ નો વ્યાપાર તે શું છે ?

૧૫. જે શરીર નો વર્ગણાઓ બીજી વર્ગણા કરતા સ્થૂલ છે તેથી એ શરીર ને શુ કહેવાય છે ?

૧૬. બુદ્ધિશાલી વ્યક્તિ ઓ કોને સવિશેષ સ્થાન આપી પ્રથમ નંબરે સ્થાપન કરે છે ?

૧૭. અંતરાલગતિ માં જીવ વધારે માં વધારે કેટલો સમય અનાહારી હોય છે ?

૧૮. કોઇ પણ વિષયનું સાપેક્ષ પણે નિરૂપણ કરનાર વિચાર ને શું કહેવાય છે ?

૧૯. જે જ્ઞાન આવી ને ચાલ્યું જાય તે કયો જ્ઞાન ?

૨૦. જીવ ને સતત મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્ગલો ઉદય માં આવે તેમને ઉપશમાવવા શું કરવું આવશ્યક છે ?

૨૧. અપૌદ્ગલિક શુદ્ધ સમ્યક્ત્વ આવ્યા પછી જતુ નથી તે કયો સમ્યક્ત્વ કહેવાય ?

૨૨. કયા કર્મ ના ઉદય નું ફળ દ્રવ્યવેદ છે ?

૨૩. જીવ નું લક્ષણ શું છે ?

૨૪. પુણ્યાનુબંધી પુણ્યનો અનુબંધ થાય તેવી રીતે પાપ રહિત કાર્ય કરવા એને શું કહેવાય ?

૨૫. જીવ ને દુ:ખ માંથી મુક્તિ અને અનંત સુખ પ્રાપ્ત થાય એવું સ્થાન કયુ?

**પ્રશ્ન–૩ વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૫ થી ૧૭ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઇ પણ એક)**

૧. **જીવ નુ સ્વરૂપ** – (નવતત્વમાં જીવ તત્વ, પ્રકાર, લક્ષણ, જન્મ આયુષ્ય આદિ ના પ્રકાર, જીવના ભાવો , ભેદો)

૨. **વિના જ્ઞાન નહિ ઉદ્ધાર** – (જ્ઞાન ના પ્રકાર, જ્ઞાન ની આવશ્યકતા, જ્ઞાન પ્રાપ્તિ, જ્ઞાન પ્રાપ્તિ ક્રમ)

૩. **મિથ્યાત્વ** – (વ્યાખ્યા, સ્વરુપ, કાળ, પ્રકારો)

એમ.જે. પાર્ટ –૧ કેન્દ્રિય પરીક્ષા પ્રશ્ન–પત્ર કેવો હશે ?

| | |
|---|---|
| પ્રશ્ન ૧ – ખાલી જગ્યા પૂરો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૨ – એક શબ્દમાં જવાબ લખો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૩ – નીચેના વાક્યો સાચા કે ખોટા જણાવો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૪ – જોડકાં જોડો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૫ – એક વાક્યમાં વાખ્યા લખો | ગુણાંક ૨૦ |
| કુલ | ૧૦૦ |

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્‌ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્‌ની ઉપર – એ ૩) ૩૦ માર્કસ્‌ની ઉપર – બી+
૪) ૨૫ માર્કસ્‌ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્‌ થી ઓછા – સી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**

સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.achalgach.com